## સુપ્રભાતમ્

**સુરેશ પ્રા. ભટ્ટ**
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતિ વર્ષ)*
*આગના ધૂમાડામાં દર્દીઓ ગૂંગળાઈ જાય છે!*
*ઉતાવળની દોડમાં તંત્ર લંગડાઈ જાય છે!*
*ફંગોળાઈ જાય છે મહેનત - બદનામી કરી -*
*વિના કારણ શુભ-નિષ્ઠા પણ ચર્ચાઈ જાય છે.*
*(કમાઈ લેવાની વ્યાપારી વૃત્તિનું વિષયક)*

### હાઈકુ

*અકસ્માતમાં -*
*જો ને તો સંભાવના -*
*બચાવનામું?!*

*કાર્ય નિષ્ઠાને*
*ભરખી જાય આગ -*
*કમ-નસીબ !!*

### ચિંતન

*બન્ધો હિ વાસના બન્ધો મોક્ષઃ સ્યાત્ વાસનાક્ષમઃ ।*
*વાસનાઃ ત્વં પરિત્યજ્ય મોક્ષાર્થિત્વમ્ અપિ ત્યજ ॥*

**ઉપરોક્ત શ્લોક મુંડક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**બંધન એટલે જ વાસનાનું બંધન અને વાસનો ક્ષય એ જ મોક્ષ, બધી, વાસનાનો ત્યાગ કરી, અંતે મોક્ષની વાસના પણ છોડી દે. વાસના છે ત્યાં સુધી પુનર્જન્મ પણ છે. અને જેવી વાસના હોય તેવો જન્મ મળે છે. માટે જ સત્સંગ અને સદ્‌વિચાર પર ભાર મૂકવામાં આવે છે.**

**પ્રાણાયણથી લય થયેલું મન આત્માના ચિંતનથી નાશ પામે છે. આમ મનનાશ થતાં ઈચ્છા રહે નહીં, પરિણામે બંધન ન રહે. ને મોક્ષ અનુભાવયા.**

**ગીતામાં ભગવાન તો સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં ઈચ્છા માત્ર ના ત્યાગને પ્રથમ ગણાવે છે. ઈચ્છા માત્રના ત્યાગથી સર્વનો ત્યાગ થઈ જાય છે. ઈચ્છે છે ત્યાં સુધી જ્ઞાન પણ થતું નથી.**

### સુવિચાર

- ઊંચાઈ પર વોહી પહુંચતે હૈ, જો, પ્રતિશોધ કે બજાય પરિવર્તન કી સોચ રખતેં હૈ - **પ્રસુન્ન જોષી**
- જેમનાં સિદ્ધાંત જ અમીર હોય તેમનું ચારિત્ર્ય કયારેય ગરીબ હોતું નથી - **સમીર શાહ**
- માણસનું ભવિષ્ય તેના વર્તમાનથી બળવાન છે,
  આ વાતની ખબર ત્યારે પડે છે જયારે તે પોતાના બાળકોને આસપાસ જુએ છે - **ચાર્લ્સ ડાર્વિન**
- કોઈને એટલી જ સલાહ આપો જેટલી એ સમજી શકે કારણ કે
  ડૉલ ભરાઈ જાય પછી પાણીનો બગાડ જ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પૈસાની દોડ એટલે પડછાયાને પકડવું જયારે પકડાશે ત્યારે વાપરી શકવાની
  સક્ષમતા નહીં હોય - **મુંબઈ સમાચાર**
- વિશ્વાસ અને ઈમાનદારી ગુમાવીને જે ઘટના બહાર આવશે તેનું નામ પ્રલય.
  ભગવાનની ઈચ્છા નથી કે પ્રલય આપે પણ મનુષઅય જરૂર લાવશે - **ઓશો**
- આજનું ઔષધ : બસ્સો મિલિ પાણીમાં બે ગ્રામ લીંડી પીપર ઉમેરી અડધું રહે ત્યાં સુધી ગરમ કરવું - આ નવશેકા પાણીમાં મધ ઉમેરી પીવાથી શરદી તાવમાં તરત ફેર પડે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કરાંચીના સજ્જન, દયાળુ ધનિક શેઠ જમશેદજી મહેતાની સજ્જનતા અનન્ય હતી. ઘરના નોકરો માટે પણ તેઓ કૂણું વર્તન રાખતા. તેમ છતાં ઘરનો એક નોકર ચોરી કરીને ભાગી ગયો. તપાસ કરતાં ખબર પડી કે જમશેદજીના પાકીટમાંથી બસો જેટલા રૂપિયા ચોરાયા હતા. તેમના પત્ની ગુસ્સામાં હતા અને બીજા બધા નોકરોની ધૂળ કાઢતા હતા અને જમશેદજી નિરાંતે ઝુલા પર બેસીને જોઈ રહ્યા હતા. પત્નીએ કહ્યું, ‘આપના પાકિટમાંથી પૈસા નોકર ચોરી ગયો છે અને તમે નિરાંતે ઝુલે ઝુલો છો.’ જમશેદજીએ ઠંડે કલેજે પત્નીને સમજાવતા કહ્યું, ‘હાં, નિરાંતે બેઠો છું. તે એટલા માટે એ ગરીબ હતો.એની નાણાંભીડનો વિચાર આપણે કયારેય કર્યો નહીં. છેલ્લા વર્ષમાં આપણે એનો પગાર વધાર્યો નહીં. એના કામની કદર કરી હોત એને થોડા પૈસા ઉછીના આપ્યા હોત તો કદાચ એ ચોરી ન કરત. હવે પૈસા ઉછીના આપ્યા હોત તો કદાચ એ ચોરી ન કરત. હવે પૈસા ચોરાયાનો અફસોસ ન કરીએ. અને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે પૈસા ને તે સુમાર્ગે વાપરે અને તેને સદ્‌બુદ્ધિ આપે.’ પતિના વિચારો સાંભળીને પત્ની થોડા શાંત થયા.

# નિયમભંગ સામે કઠોર વલણ અનિવાર્ય

**તંત્રીસ્થાનેથી...**

પ્રજા આખરે પ્રજા છે. એ પરંપરાઓથી ઘેરાયેલી છે. એને ઉત્સવ ઊજવવા ગમે છે. લગ્ન, મરણ અને જન્મદિવસ જેવા પ્રસંગોમાં એ દેખાડો કરવાની ફરજ પડે છે. એને એ વહેવાર માને છે. કોવિડ-૧૯ના ખતરનાક ફેલાવા માટે પ્રજાની આ સ્વભાવગત નબળાઈઓ સવિશેષ જવાબદાર છે. ભણેલા ગણેલા લોકોનું પણ કોરોના જેવા સંપૂર્ણ તબીબી વિષયનું જ્ઞાન નહીંવત જ હોય. વૈજ્ઞાનિક અભિગમથી જીવવાનું નવ્વાણું ટકા લોકોને આવડતું નથી અને કદાચ ફરજ પાડવામાં આવે તો પણ એવી બંધિયાર જિંદગી એમને ગમશે નહીં. ડાયાબિટીસના દરદીને ખબર હોય છે કે ગળ્યા પદાર્થો એના માટે વર્જિત છે. પરંતુ કંટાળી જઈને આવા દરદી કહેતા હોય છે કે ભૂખે મરી જવું એના કરતાં ખાઈને મરવું શું ખોટું? કોલેસ્ટેરોલ વાળા દરદી ઘી-તેલની વાગનીઓ ઝાપટતા રહે છે અને ડાયાબિટીસ વાળા મીઠાઈ પર ભુખાવળાની માફક તૂટી પડે છે. કોરોના સંક્રમણના આ ખતરનાક તબક્કામાં તંત્રના આગ્રહ અને સજાની જોગવાઈ છતાં કુલ વસતિનો એક નાનો અને સમજણો અંશ જ માસ્ક પહેરવાનું યાદ રાખે છે. કેટલાંક દંડથી બચવા માસ્કને લટકણિયા માફક કાન પર લટકાવી રાખે છે અને જે પ્રવેશદ્વારોથી કોરોનાનો કાયાપ્રવેશ થતો હોય છે એ નાક અને મોં બિન્દાસ ખુલ્લાં રાખીને ફરે છે. પ્રજાને ધોકા મારીને પણ એના પોતાના આરોગ્ય સામે ચેડાં કતી અટકાવવી જોઈએ એવો અભિપ્રાય આવા સમયગાળામાં સમજણ ધરાવતા પ્રબુદ્ધ નાગરિકોમાં પ્રવર્તે છે. પરંતુ એનો અમલ કરવો કે કરાવવો ધારીએ છીએ એટલો સહેલો નથી. કોરોના વિશેની સાચી માહિતી જાહેર કરવામાં સરકારી તંત્રને જરા જુદી જાતનું જોખમ લાગતું રહ્યું છે. પ્રજા ભયભીત બની જાય તો સાજાં માણસો પણ હાય ખાઈને મરી જાય. એટલે દરદીઓની સંખ્યા દર્શાવવામાં બાલિશ હરકતો થતી રહે છે જે પાછી મીડિયાની આંખથી તો છૂપી રહેતી જ નથી. અધિકારીઓ વચ્ચે અહ્‌મનો ટકરાવ અને સમજણનો અભાવ કોરોનાને ખુલ્લું મેદાન આપતા રહ્યા છે. આઈએએસ કેડરના વહીવટદારો કે ચૂંટાઈને મંત્રીપદાં ભોગવતા જનપ્રતિનિધિઓનું તબીબી જ્ઞાન કેટલું હોય? વળી ખુદ તબીબો માટે કોરોનાનું આ નવું વાઈરસ રહસ્યમય સાબિત થયું છે. માસ્ક, વારંવાર હાથ ધોવા, સલામત અંતર રાખવું, સેનીટાઈઝર વાપરવું - વગેરે સલાહસૂચનો હવે રેઢિયાળ બની ગયાં છે. પ્રજાનો મોટો ભાગ આ તમામ મુદ્દે નીંભર બેદરકારી દાખવતો હોય અને સંક્રમણ તથા એનાથી નીપજતા મરણનો આંક સતત વધતો જતો હોય ત્યારે ન્યાયપાલિકા આંખ મીંચીને બેસી ન જ રહે. ન્યાયપાલિકાએ સરકારી તંત્રની આકરી ટીકા કરી છે અને જયારે સંક્રમણને અટકાવવાનો હાથવગો સીધોસાદો ઉપાય - ‘માસ્ક’ પણ લોકો અમલમાં ન મૂકતા હોય તો એમની સામે ફક્ત હજાર રૂપિયાનો દંડ વસૂલવાની જ કાર્યવાહી કરીને અટકી જવા કરતાં એવા નઘરોળ લોકોને કોવિડ સેન્ટરોમાં નોન મેડિકલ સેવાની સજા ફરમાવવાનો સરકારને આદેશ કર્યો છે. હિંદીમાં એક રૂઢિપ્રયોગ છે : ‘લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે.’ પૂર્વ મંત્રી કાન્તિલાલ ગામીતના પૌત્રીની સગાઈમાં હજારો લોકો ઊમટ્યા, કોવિડ ગાઈડલાઈનના લીરેલીરા ઊડ્યા. આખરે સરકારે કડક પગલાં લેવા પડ્યાં છે. ખુદ પોલીસ સ્ટાફ આવા વગદાર આગેવાનો આગળ લાચાર બની રહેતો હોય છે. લગ્ન અને મરણ પ્રસંગે સીમિત હાજરીના આદેશને મહદંશે લોકો ઘોળીને પી જતા હોય છે. એમને દેખાડા કરવાનો શોખ હોય છે અને હાજરી આપવી એ પોતાની પવિત્ર ફરજ સમજે છે. આથી કોરોનાની ચેન તોડવાનાં તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યાં છે અને ગુજરાત જેવું પ્રતિષ્ઠિત રાજય શરમજનક તથા ખેદજનક કરુણાંતિકામાં ફેરવાઈ ગયું છે. એમાં રાજકારણીઓનું બેહૂદું વર્તન સૌથી વધારે વખોડવાલાયક છે.

# ત્રિપુરારિ, કષ્ટ કાપ તું!

**અમર વારસો**

**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

ભોળાનાથ ત્રિપુરારી તો સૌ કોઈના કષ્ટ કાપે. એક વાર એમણે દેવોનું પણ કષ્ટ કાપ્યું. એ માટે ત્રિપુર નામના અસુરનો વધ કર્યો. આ ઘટના કારતક માસની પૂનમે બની. આ દિવસ ત્રિપુરારિ પૂનમ બની ગયો. દેવોએ આ દિવસે ખુશીમાં દીવાઓની હારમાળા પ્રગટાવી. આ દિવસ દેવદિવાળી થઈ ગયો.



તારકાસુરને ત્રણ પુત્રો હતા. તારકાક્ષ, વિદ્યુન્યામી અને કલ્પાક્ષ કુમાર કાર્તિકેય તારકાસુરનો વધ કર્યો. પુત્રોને એનો બદલો લેવો હતો. એમને પર્વતની વિશાળ ગુફામાં તપશ્ચર્યા શરૂ કરી. બ્રહ્માને પ્રસન્ન કરવાના હતા બન્યું પણ એવું. એમની તપશ્ચર્યા ઉગ્ર બની. પિતામહ બ્રહ્મા પ્રસન્ન થયા.

તેઓએ વરદાનમાં ‘પોતે અમર રહે’ એવું માંગ્યું. બ્રહ્માએ કહ્યું, - ‘આવું વરદાન કોઈને પણ ન અપાય. નામ એનો નાશ. પરંતુ એવું થઈ શકે, ભગવાન શિવ સિવાય કોઈનાથી મૃત્યુ નહિ થાય.’ શિવજીના તેઓ ભક્ત હતા. તેમને એમ હતું કે શિવજી પોતાને નહિ જ મારે.

તેઓની ઈચ્છઆ હતી. એટલે બ્રહ્માએ મય દાનવને આજ્ઞા આપી. તે મુજબ, સ્વર્ગ, અંતરિક્ષ અને પૃથ્વી ઉપર મયે એમના માટે ત્રણ નગરો બનાવ્યા એ સુવર્ણનું, રજતનું અને લોહનું હતું. આ નગરો સ્વયં સંપૂર્ણ હતા. અભેદ્ય દુર્ગવાળા હતા. ત્યારથી તારકાક્ષનું નામ ત્રિપુર થઈ ગયું.

થોડો સમય તો બધું બરોબર ચાલ્યું. પરંતુ પછી તેઓ પોતાની અસલ પ્રકૃતિ ઉપર જતા રહ્યા. ગર્વથી ઉદ્ધત બન્યા. પોતાને કોઈ કશું કરી શકે એમ નથી.’ એમ ખાતરી થઈ ગઈ. એટલે સંસારમાં સૌ કોઈને રંજાડવા લાગ્યા. એમનો ત્રાસ અતિશય વધી ગયો.

સંસારમાં ધર્મ ઝાંખો પડવા માંડે, અધર્મની વૃદ્ધિ થાય; ત્યારે સજ્જનોનાં રક્ષણ માટે અને દુર્જનોના વિનાશ માટે ઈશ્વરે અવતાર લેવો પડે, માર્ગ કાઢવો પડે.

દેવોને ખબર હતી. તેઓ ભગવાન શંકરને શરણે આવ્યા. નમ્રતાપૂર્વક પ્રણામ કરીને વિનંતીઓ કરી. ‘ભલે પોતાના ભક્ત હોય, પરંતુ આવી રીતે ત્રાસ આપે તે ચલાવી ના લેવાય.’ એવો શિવજીએ નિર્ણય કર્યો.

એમણે ભગવાન વિષ્ણુને બોલાવ્યા. વિનંતી કરી એ મુજબ વિષ્ણુએ એમના માટે સશસ્ત્ર રથ તૈયાર કર્યો. પોતે સારથિ બન્યા અને રથની લગામ હાથમાં લીધી.

શિવજીએ અભિયાન શરૂ કર્યું. આક્રમણ કર્યું. માત્ર આગ્નેય અસ્ત્ર છોડ્યા એકમાંથી અનેક અગ્નિથી ધધકતા બાણો છૂટતા હતા. જોત જોતામાં ત્રણેય નગરો અગ્નિની લપકારા મારતી જવાળાઓમાં બળી ગયા. અસુરો સાથેનાં નગરો ભસ્મીભૂત બની ગયા.

શિવજી ત્રિપુરારી કહેવાયા. પૂ. કારતક પૂનમનો આ દિવસ ત્રિપુરારિ પૂનમ થયો અને દેવો માટે દેવદિવાળી.

# ૩૭મું રાષ્ટ્રીય સમાજ વિજ્ઞાન કોંગ્રેસનું અધિવેશન કયા યોજાયું હતું?

**ખજાનો**



**અનિલ પટેલ**

## વર્ષ-૨૦૧૪ની ઘટનાઓ

૧ આ વર્ષે અવસાન પામનાર ઈલા પાઠક કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(અ) શિક્ષણ (બ) સમાજસેવા
(ક) કલાજગત (ડ) પત્રકાર

૨ ૨૦૧૪માં જેમનું અવસાન થયું એવા પ્રાણલાલ પટેલ કયાં ક્ષેત્ર માટે જાણીતા હતા ?
(અ) તસ્વીરકલા (બ) નાટ્યકલા
(ક) સંગીતકલા (ડ) ચિત્રકલા

૩ ૨૦૧૪માં અવસાન પામનાર ધીરુભાઈ ઠાકર કયા કામ માટે વિશિષ્ટ પ્રદાન રહ્યું ?
(અ) ગુજરાતના કલાવારસો (બ) પૌરાણિક ધરોહરની જાળવણી
(ક) વિશ્વકોષના સર્જનમાં (ડ) નાટ્ય શાસ્ત્ર

૪ ૨૦૧૪માં ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે કોની વરણી થઈ હતી ?
(અ) સતપાલ મહારાજ (બ) હરીશ રાવત
(ક) સુનિતા રાવત (ડ) હરાકસિંહ રાવત

૫ ૨૦૧૪ ચૂંટણી લડવા માટે રાજીનામું આપનાર મુંબઈ પોલીસ કમિશનરનું નામ શું છે ?
(અ) સુબોધકુમાર જયસ્વાલ (બ) સંજય બારવે
(ક) દત્રાત્તેય પડશાલગીકર (ડ) સત્યપાલ સિંહ

૬ ૨૦૧૪માં સાયના નેહવાલે કોને હરાવી સૈયદ મોદી ઈન્ડિયા ગ્રા. પ્રિ.નો ખિતાબ જીત્યો?
(અ) પીવી સિંધુ (બ) અશ્વિની પોનાવ્યા
(ક) પીસી તુલસી (ડ) જ્વાલા ગુપ્તા

૭ વર્ષ ૨૦૧૪માં નાબાર્ડના અધ્યક્ષ તરીકે કોની નિમણૂંક થઈ હતી ?
(અ) જીઆર ચિંતાલા (બ) હર્ષકુમાર ભનવાલી
(ક) એચ કે ભાણાવાલા (ડ) ગોવિંદા રાજુલા

૮ વર્ષ ૨૦૧૪માં ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ તરીકે કોની વરણી થઈ હતી?
(અ) કેશુભાઈ પટેલ (બ) હરીશભાઈ ભટ્ટ
(ક) ગોરધનભાઈ ઝડફીયા (ડ) બાબુભાઈ ઝડફિયા

૯ ૨૦૧૪માં નેશનલ ડેરી ડેવલોપ. બોર્ડના ચેરમેન પદે કોણ ચૂંટાઈ આવ્યું હતું?
(અ) દિલીપ રથ (બ) અમૃતા પટેલ
(ક) રામસિંહ પરમાર (ડ) ટી નંદા કુમાર

૧૦ વર્ષ ૨૦૧૪માં મણીપુરના રાજયપાલ તરીકે કોની નિમણૂંક થઈ હતી?
(અ) વિનોદકુમાર દુગ્ગલ (બ) નઝમા અક્તર
(ક) એન બીરેન સિંગ (ડ) જગદીશ મુખી

૧૧ ૨૦૧૪માં બીસીસીઆઈએ કયા ખેલાડીને સી કે નાયડુ લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી નવાજ્યા ?
(અ) કપિલદેવ (બ) સચિવ તેંડુલકર
(ક) રવિશાસ્ત્રી (ડ) સુનિલ ગાવસ્કર

૧૨ ૨૦૧૪માં ૧૨મા ભારતીય દિવસની ઉજવણી કયા કરવામાં આવી હતી ?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) દિલ્હી (ડ) જયપુર

૧૩ ૩૭મું રાષ્ટ્રીય સમાજ વિજ્ઞાન કોંગ્રેસનું અધિવેશન કયા યોજાયું હતું?
(અ) જયપુર (બ) ચંદીગઢ
(ક) કાનપુર (ડ) અલીગઢ

૧૪ ભારતે કયા દેશને હરાવીને અંડર-૧૯ એશિયા ક્રિકેટ કપ જીત્યો હતો?
(અ) બાંગ્લાદેશ (બ) પાકિસ્તાન
(ક) શ્રીલંકા (ડ) અફઘાનિસ્તાન

૧૫ કયા ભારતીય ખેલાડીએ બેડમિન્ટન રેકિંગ અન્ડર-૧૯માં પ્રથમ સ્થાન મેળવ્યું ?
(અ) પરુપલ્લી કશ્યપ (બ) પ્રકાશ પાદુકોણ
(ક) આદિત્ય જોષી (ડ) બી સાંઈ પ્રનીથ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

● ૪ ડિસેમ્બર : નૌ સેના દિવસ (નેવી ડે)
- ક્રિકેટ જગતમાં એલ અમરસિંહ તરીકે ઓળખાતા અમરસિંહ નકુમનો જન્મદિવસ (૧૯૧૦)
- ઈતિહાસશાસ્ત્રી રમેશચંદ્ર મજમુદારનો જન્મદિવસ (૧૮૮૮)
- ભારતે ગંડક સિંચાઈ વિજળી પરિયોજના માટે નેપાળ સાથે સમજૂતી કરી (૧૯૫૪)
- નાશાએ મંગળ માટે પ્રથમ રોવર પ્રક્ષેપિત કર્યુ (૧૯૯૬)

● ૫ ડિસેમ્બર :
- ક્રાંતિકારી દેશભક્ત અને આધ્યાત્મિક યુગપુરુષ મહર્ષિ અરવિંદ ઘોષનું નિધન (૧૯૫૦)
- નવલકથાકાર એલેકઝાન્ડર ડૂમાની પુણ્યતિથિ (૧૮૭૭)
- સિક્કિમ દેશનું સંરક્ષિત રાજય બન્યું (૧૯૫૦)
- નવલકથાકાર રઘુવીર ચૌધરીનો જન્મદિવસ (૧૯૩૮)

● ૬ ડિસેમ્બર : હોમગાર્ડ સ્થાપના દિવસ / નાગરિક સુરક્ષા દિવસ
- પ્રખ્યાત બોલીવૂડ ફિલ્મો આપનાર શેખર કપૂરનો જન્મદિવસ (૧૯૪૫)
- ભારતમાં હોમગાર્ડ દળની સ્થાપના કરાઈ (૧૯૪૬)
- અયોધ્યામાં વિવાદિત બાબરી મસ્જિદ તોડાઈ (૧૯૯૨)
- ભારતીય તત્વજ્ઞાનના યુરોપીય અભ્યાસુ મેક્સમૂલરનો જન્મદિવસ (૧૮૨૩)

● ૭ ડિસેમ્બર :
- ગુર્જર નારીરત્ન વિદ્યાગૌરી નીલકંઠનું નિધન (૧૯૫૮)
- આજના અમદાવાદની સાંસ્કૃતિક પરંપરાના મશાલચી ભોગીલાલ એટલે કે લાલાકાકાનો જન્મદિવસ (૧૮૭૭)
- ભારતે સંદેશા વ્યવહાર ઉપગ્રહ ઈન્સેટ-૨સીનું પ્રક્ષેપણ કર્યુ (૧૯૯૫)
- મૈસૂરના સાસક હૈદર અલીનું નિધન (૧૭૮૨)

● ૮ ડિસેમ્બર :
- રામસિંહ રાઠોડની જન્મજયંતિ (૧૯૧૭)
- મહાન ઉદારવાદી નેતા તેજ બહાદુર સપ્રુનો અલીગઢમાં જન્મ (૧૮૭૫)
- સુપર પાવર અમેરિકા અને રશિયાએ ૧૯૮૭માં શસ્ત્ર દોડ પર વિરામ મૂકવા નિર્ણય કર્યો.
- દેશભક્ત ચક્રવર્તી રાજગોપાલાચારીની જન્મજયંતિ (૧૮૭૮)

● ૯ ડિસેમ્બર :
- બ્રિટનના જોન મિલ્ટનની જન્મજયંતિ (૧૬૦૮)
- સાહિત્યકાર ચુનીલાલ મડિયાની પુણ્યતિથિ (૧૯૮૬)
- હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડનો જન્મદિવસ (૧૯૩૭)
- પ્રથમ મહિલા પત્રકાર હોમાયજી વ્યારાવાલાનો જન્મદિવસ (૧૯૧૩)

● ૧૦ ડિસેમ્બર : વિશ્વ માનવ અધિકાર દિવસ
- પુરાતત્વવિદ હસમુખ ધીરજલાલ સાંકળીયાનો જન્મદિવસ
- રાલ્ફ જે બુરો શાંતિનો નોબેલ પુરસ્કાર મેળવનાર પ્રથમ અશ્વેત અમેરિકન બન્યા (૧૯૫૦)
- નોબેલ પ્રાઈઝના સ્થાપક અને ડાઈનેમાઈટના શોધક વિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. આલ્ફ્રેડ નોબલનું નિધન (૧૮૯૬)
- પૂર્વ શિક્ષણમંત્રી નવલભાઈ શાહનો જન્મદિવસ (૧૯૨૦)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

**ગુજરાત કોંગ્રેસના કયા દિગ્ગજ નેતાનું તાજેતરમાં અવસાન થયું?**

જવાબ : અહમદ પટેલ

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મહેશભાઈ એમ જાદવ : રાયસણ (૪) વિવેકભાઈ એલ પટેલ : ગાંધીનગર (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સા કૉલેજ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) પંકજ પટેલ : ન્યૂ ગાંધીનગર (૯) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૧૦) રૂચિત પટેલ : ધોળેશ્વર પાસે

### આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં ભાજપના ચૂંટાયેલા રાજયસભાના સદસ્યનું અવસાન થયું?

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ના હસે તેની ઈટ્ટા-કિટ્ટા !!

**હળવે હૈયે**



**પ્રકાશ લાલા**

‘સંસાર છે ચાલ્યા કરે...’ એવા આ સંસારમાં બે પ્રકારના માણસો આપણને અથડાતા હોય છે - જોવા મળતાં હોય છે... એક એવા કે જે કોઈ પણ પ્રસંગે હસતા નથી... એમણે ય ‘હસે તેનું ઘર વસે’ ને ‘હાસ્ય એ જ તંદુરસ્તી માટેની શ્રેષ્ઠ દવા છે.’ વગેરે વાંચ્યું ને જાણ્યું તો હોય છે... પણ એમણે નવું ‘ના, હું તો નહીં જ હસુ’ સોગંદ ખાધા હોય છે એટલે ખડખડાટ હસવા જેવા પ્રસંગો જરા મોં ખોલીને હસવાનું તો ઠીક, થોડું મલકાતા પણ નથી!! (કદાચ, એમના દાંત ગંદા હશે એ કોઈ જોઈ જાય એ બીકે આમ કરતા હશે?)

ને બીજા એવા લોકો છે કે જે આખો વખત - દરેક વાતમાં હસ્યે જ રાખતા હોય છે... વાત ગંભીર હોય, કોઈ દુઃખદ ઘટનાની હોય તો ય આવા બંદા હસીને જ વાત કરશે! ડાહ્યા પુરુષોએ કહ્યું છે કે જે લોકો કોઈ પ્રસંગે હસતા નથી અને જે બધો વખત હસ્યા કરે છે - એ બંને પ્રકારના માણસોથી ચેતતા રહેવું.

એવું પણ કહેવાયું છે કે, ‘બે માનવીઓ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર છે - હાસ્ય.’ આપણે કોઈ પ્રશ્ન - સમસ્યામાં સલવાયા હોઈએ, તેનો ઉકેલ જડતો ન હોય ત્યારે મૂંઝાવું નહીં પણ એમાંથી કોઈ હાસ્ય શોધી કાઢવું એ જ ઉત્તમ વાત છે.. આમ કરવાથી સમસ્યા થોડો સમય ભૂલાઈ જશે ને હાસ્યથી ટેન્શન હળવું થશે માટે તો ગાંધીજીએ કહ્યું હતું કે, ‘મારામાં જો હાસ્ય ન હોય તો મેં આત્મહત્યા કરી હોત.’ અને પૂ. બાપુએ એવું પણ લખ્યું છે કે ગંભીરતા વગરનું હાસ્ય અને હાસ્ય વગરની ગંભીરતા બંને નકામાં છે.

વ્યક્તિના હાસ્યમાં ગંભીરતા હોવી જોઈએ. એટલે કે એ હાસ્ય વિનોદમાંથી સારો મર્મ - સંવેદના - ટકોર મળવાં જોઈએ અને ગંભીર પ્રશ્નો હાથ ઉપર હોય, ગંભીર પરિસ્થિતિનો સામનો કરવાનો આવે ત્યારે જો એમાંથી હાસ્ય નિપજાવતાં - હસતાં આવડતું હશે તો પેલી ગંભીર બાબત આપણને તનાવ - ટેન્શન નહીં આવે... કહો ને કે ‘હસતાં, હસતાં કપાય રસ્તા.’

અમેરિકન હાસ્યકાર લેની બ્રુસના મતે દુનિયામાં સૌથી વધારે પ્રામાણિક કલા પ્રકાર હાસ્ય છે... કેમ કે એમાં બનાવટ નથી હોતી. તેથી જ જાણીતા લેખક, વિચારક,વક્તા શ્રી ગુણવંત શાહ કહે છે કે જો એમને બનાવટી હાસ્ય અને કુદરતી રૂદન વચ્ચે પસંદગી કરવાની હોય તો પોતે રડવાનું જ પસંદ કરશે કેમ કે આજની આપણી સઘળી પીડાઓના મૂળમાં બનાવટી હાસ્ય રહેલું છે... કેટલી સાચી વાત છે... ખોટું ખોટું હસીને સામાને પાડી દેવાની, બીજાને મોટા - બનાવી હાસ્યસભર મીઠી મીઠી વાતો કરીને ભોળવી - ફસાવી દેવાની રમત આજે ચોતરફ છૂટથી રમાતી જોવા મળે છે... જો કે આપણે તો સાચું કુદરતી હાસ્ય જ રેલાવતા રહેવાનું છે.. હોં ને...! જે માણસ ખડખડાટ સાચા દિલથી હસી શકે છે એનામાં દંભ-બુરાઈ નથી હોતી.

‘હાસ્ય’ વિશે આટલી વાતો પછી હવે હસવું આવે એવી થોડી વાત પણ કરી લઈએ.... આજે પેશ છે કેટલીક ‘ગઝલ’ નહીં, પણ ‘હઝલ...’ યાને કે હસાવે એવી કાવ્ય રચના....

ગઝલકાર આદિલ મનસુરીની ગઝલ
‘માનવ ન થઈ શક્યો તો, એ ઈશ્વર બની ગયો,
જે કંઈ ન બની ગયો, એ બરાબર બની ગયો.’

જો આધાર લઈને ભાવનગરના હઝલકાર મનસુર કુરેશીએ રચેલી હઝલની પંક્તિઓ હસાવી જરૂર જશે.

‘લુખ્ખો હતો જે કાલ, એ સદ્ધર બની ગયો,
પ્રખ્યાત એટલે તો એ ઘરઘર બની ગયો.
છેતરપીંડી કરી ગયો નાટકના મંચ પર,
બિરબલ થવા કહ્યું’ તું ને અકબર બની ગયો,
પરણ્યા વગર હતો એ ખુશહાલ આદમી,
દુઃખી થયો છે જયારથી મિસ્ટર બની ગયો.

અને બરકત વિરાણી ‘બેફામ’ના શૅર ‘નયનને બંધ રાખીને મેં જયારે તમને જોયા છે, તમે છો એના કરતાં પણ વધારે તમને જોયાં છે....’ નો આધાર લઈને મનસૂર કુરેશીએ રચી તે હઝલ :

‘ઘણી વેળા મેં રેશનની કતારે તમને જોયા છે,
દળામણાના ડબા સાથે બજારે તમને જોયા છે...
વિના મેક-અપ, તમે લાગી રહ્યા બિહામણા રૂપે,
પથારીમાંથી ઊઠતા પણ સવારે તમને જોયાં છે...’

આ ‘હઝલ’ની પંક્તિઓ વાંચી તમને કઈ ગઝલની યાદ આવે છે?
‘સાસુ-વહુની જયારે મુલાકાત થઈ હશે, ઝઘડા થવાની ત્યારે શરૂઆત થઈ હશે!’
યસ... યસ.... એ જ. મનહર ઉધાસે ગાઈને પ્રખ્યાત કરી છે તે ગઝલ.
‘જયારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે.... ત્યારે ગઝલની પ્રથમ રજૂઆત થઈ હશે...’
છેલ્લે ‘મરીઝ’ સાહેબના શૅર :
‘મેં તજી તારી તમન્ના, એનો આ અંજામ છે...’
ઉપરથી રચાયેલી ‘હઝલ’ની ચાર પંક્તિઓ સાથે હસતાં હસતાં પૂરી કરીએ આજની વાત....
‘હાથમાં છે બાટલી’ને બાટલીમાં બામ છે, રોજ બસ માથે ઘસું છું એ જ મોટું કામ છે!
દોષ ના દેશો મને ના મશ્કરી કરશો હવે, આ જમાનામાં બધાયે જોરુના ગુલામ છે.